# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE
an initiative for organ donation

રેફ નં.

તા: ૧૯/૧૨/૨૦૧૫

તંત્રી શ્રી ______________________

સુરત

જાત નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## પશ્ચિમ ભારતમાં ઇન્ટરસ્ટેટ હૃદય ટ્રાન્સફરનો સૌ પ્રથમ કિસ્સો

## બ્રેનડેડ જગદીશ પટેલના અંગોનું દાન કરી

## છ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની આપી બ્રેનડેડ જગદીશ પટેલ પરિવારે સમાજને

## નવી દિશા બતાવી .

નામ: શ્રી જગદીશભાઈ દેવજીભાઈ પટેલ ઉ. વ. ૪૫ બ્લડ ગ્રુપ: AB+ (વાંસવા હજીરા ખાતે સ્વરાજ જનરલ શોપમાં નોકરી કરતા હતા )

રહેવાસી: મુ. પો. વાંસવા, તા. ચોર્યાસી, જી . સુરત.

કૌટુંબિક વિગત : પત્નિ : રેખાબેન જગદીશભાઈ પટેલ ઉ. વ. ૪૩

પુત્ર : તેજસકુમાર જગદીશભાઈ પટેલ ઉ. વ. ૨૧ (અભ્યાસ : B.Com)

પુત્રી : રેશ્મા જગદીશભાઈ પટેલ ઉ. વ. ૧૮ ( દામકા ખાતે સંજીવની હાઇસ્કુલમાં ધોરણ ૧૨માં અભ્યાસ )

બનાવની વિગત:

બુધવાર તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ જગદીશભાઈ તેમના ધર્મપત્ની રેખાબેન સાથે સુરત સામાજીક કાર્ય માટે આવ્યા હતા. તે કાર્ય પતાવીને સુરત થી વાંસવા તેમના ઘરે પરત ફરતી વખતે દામકા પાટીયા રીલાયન્સ કંપનીની સામે મહેન્દ્ર બોલેરો જીપે પાછળથી ટક્કર મારતા જગદીશભાઈ અને તેમના ધર્મ પત્ની રેખાબેન બાઈક પરથી પડીજતા જગદીશભાઈના માથામાં ગંભીર ઈજાઓ થઇ હતી અને બેભાન થઇ ગયા હતા. તથા તેમના ધર્મપત્ની રેખાબેન પગમાં ગંભીર ઈજાઓ થઇ હતી તેથી તેમને ૧૦૮ એમ્બ્યુલન્સમાં તાત્કાલીક મહાવીર ટ્રોમા હોસ્પિટલમાં ડૉ. પીયુષ બક્ષાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા.

ત્યારબાદ ન્યુરોસર્જન ડૉ. કીરીટ શાહ અને ડૉ. આશિત દેસાઈ બોલાવી તેઓએ સી. ટી. સ્કેન કરાવવાની સલાહ આપી. સી. ટી. સ્કેન કરાવતા મગજના હાડકામાં ફ્રેક્ચર હોવાનું અને નિદાન થયું હતું.

શુક્રવાર તા. ૧૮ ડીસેમ્બર, ૨૦૧૫ના રોજ ન્યુરોસર્જન ડૉ. કીરીટ શાહ, ન્યુરોફીઝીશ્યન ડૉ. અનીરૂધ્ધ આપ્ટે, ઇન્ટેન્સીવીસ્ટ ડૉ.આલોક શાહ અને સર્જન ડૉ. પીયુષ બક્ષાએ તેમને બ્રેનડેડ જાહેર કર્યા.

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE
an initiative for organ donation

ચેમ્બરની એક્ઝીક્યુટીવ કમીટીનાં ચેરમેન ભદ્રેશ શાહે ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી જગદીશભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નિલેશ માંડલેવાલાએ મંત્રી શ્રી રાકેશ જૈન સાથે હોસ્પીટલ પહોચી ભદ્રેશ શાહ અને તરુણભાઈ પંચાલ સાથે રહીને જગદીશભાઈના પુત્ર તેજસ, ભાઈ ધનસુખભાઈ, જયેશભાઈ, બનેવી રમણભાઈ, કાકા ઠાકોરભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યોને અંગદાન અંગેની માહિતી આપી અંગદાનની પ્રક્રિયા સમજાવી અને તેનુ મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે અમારું સ્વજન બ્રેનડેડ થઇ ચુક્યું છે, અને તેમનું મૃત્યુ નિશ્ચિત છે. ત્યારે તેના અંતિમ સંસ્કાર કરી શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેમના અંગોનું દાન કરી કિડની અને લીવર ફેલ્યોર દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. નીલેશભાઈ એ પરિવારના સભ્યોને જણાવ્યું કે તમે કીડની, લીવર અને ચક્ષુનું દાન કરવા તૈયાર થયા છો તો હૃદય નું પણ દાન કરો તો કોઈકના લાડકવાયાનો જીવ બચાવી શકાય. પરિવારના સૌ સભ્યોએ એકી અવાજે જણાવ્યુ કે સાહેબ કીડની અને લીવર ઉપરાંત શરીરના બીજા જે કોઈ અંગો કામ લાગી શકતા હોય તો તેઓના દાન માટે આપ આગળ વધો.

આમ પરિવાજનો તરફથી હૃદય અંગેના દાનની પણ સંમતી મળતા નીલેશ માંડલેવાલાએ મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે, ડૉ સંદીપ સિંહ અને ચેતન સુરાની નો સંપર્ક કરી હૃદય નું દાન લેવા આવવા માટે જણાવ્યું અને અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમે આવી હૃદય નું દાન સ્વીકાર્યું. જ્યારે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું. જ્યારે બે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડૉ. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાન માં મેળવવામાં આવેલુ હૃદય ઇન્ડિયન ઓઈલ કોરપોરેશન ના કર્મચારી મુંબઈના રાજન દેસાઈ ઉ. વ. ૫૨ માં ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને એમની ટીમ દ્વારા ફોર્ટીસ હોસ્પીટલ મુલુન્ડ ખાતે કરવામાં આવ્યું છે.

જ્યારે  દાન માં મેળવવામાં આવેલી બે કિડની પૈકી એક કિડની સુરતના દયાબેન કટારીયા  ઉ. વ. ૨૭ અને બીજી કિડની રાજસ્થાનના લક્ષ્મી દિનેશકુમાર યાદવ  ઉ. વ. ૨૧ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર અમદાવાદના મનીષ કેનયાલાલ શાહ  ઉ. વ. ૫૦ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

આ બંને કિડનીઓ અને લીવર નું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ. પ્રાંજલ મોદી, ડૉ જમાલ, અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં જગદીશભાઈના પત્ની રેખાબેન, પુત્ર તેજસ, ભાઈ ધનસુખભાઈ, જયેશભાઈ , બનેવી રમણભાઈ, કાકા ઠાકોરભાઈ તેમજ પરિવારના અન્ય સભ્યો, ન્યુરોસર્જન ડૉ. કીરીટ શાહ, ન્યુરોફીઝીશ્યન ડૉ. મનીકૃષ્ણ આપ્ટે, ઇન્ટેન્સીવીસ્ટ ડૉ.આલોક શાહ, સર્જન ડૉ પીયુષ બજા, ડૉ. વિકેશ રેવડીવાલા, ચેસ્ટ ફીઝીશ્યન ડૉ. મિલન મોદી, પરફ્યુનિસ્ટ વિનોદ પટેલ, ડૉ જશવંત પટેલ, મહાવીર ટ્રોમાં હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ તથા ડોનેટ લાઈફના પ્રમુખશ્રી  નીલેશ માંડલેવાલા, મંત્રીશ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી, દિશાંત પંચાલ અને જીતુ મોરે નો સહકાર સાંપડ્યો હતો.

Nilesh Mandlewala
President
+91 98256 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No: E-7652 Dt. 04-12-2014


**DONATE LIFE**
an initiative for organ donation

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૩૪ કિડની, ૪૨ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૧ હ્રદય અને ૧૧૦ ચક્ષુઓનો દાન મેળવીને ૨૯૦ વ્યક્તિઓને નવજીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

કેડેવર ઓર્ગન ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ

૧. સવારે ૧૦:૦૫ કલાકે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના પ્રિયાબેન શાહ અને ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

૨. સવારે ૧૦:૦૮ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે, ડો સંદીપ સિંહ અને ચેતન સુરાની નો સંપર્ક કરી હ્રદય નું દાન લેવા આવવા માટે જણાવ્યું

૩. બપોરે ૦૧:૩૦ થી ૨:૦૦ કલાકે દરમ્યાન અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકારવા અમદાવાદ થી સુરત આવવા નીકળ્યા.

૪. બપોરે ૨:૦૦ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ હ્રદય નું દાન સ્વીકારવા મુંબઈ થી સુરત આવવા નીકળ્યા.

૫. સાંજે ૫:૩૦ કલાકે સ્પેશિયલ પોલીસ કમિશનર શ્રી વી.એમ.પારગી સાથે ડોનેટ લાઈફ ની ટીમે મીટીંગ કરી ગ્રીન કોરીડોર અંગેની ચર્ચા કરી..

૬. સાંજે ૬:૩૦ કલાકે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ના ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ બે કિડની અને લીવરનું દાન સ્વીકારવા અમદાવાદ થી સુરત આવી.

૭. સાંજે ૭:૨૫ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ હ્રદય નું દાન સ્વીકારવા મુંબઈ થી સુરત આવી.

૮. રાત્રે ૮:૩૦ કલાકે કેડેવર ઓર્ગન ડોનર જગદીશભાઈ પટેલને ઓપરેશન થીયેટરમાં શીફ્ટ કર્યા.

૯. રાત્રે ૧૦:૩૨ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડો. અન્વય મુલે અને તેમની ટીમ હ્રદય નું દાન સ્વીકારી મહાવીર ટ્રોમા હોસ્પિટલ થી સુરત એરપોર્ટ જવા રવાના થયા.

૧૦. રાત્રે ૧૦:૪૪ કલાકે ડો. અન્વય મુલે અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા

૧૧. રાત્રે ૧૦:૫૦ કલાકે સુરત એરપોર્ટ થી એર એમ્બ્યુલન્સમાં ડો. અન્વય મુલે અને તેમની ટીમ હ્રદય લઇ મુંબઈ જવા રવાના થયા .

૧૨. રાત્રે ૧૧:૫૦ કલાકે ડો. અન્વય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટ પહોચ્યા.

૧૩. રાત્રે ૧૧:૫૬ કલાકે ડો. અન્વય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટથી મુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલ જવા રવાના થયા.

૧૪. રાત્રે ૧૨:૧૧ કલાકે ડો. અન્વય મુલે અને તેમની ટીમ મુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલના ઓપરેશન થીયેટરમાં દાખલ થયા.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


**DONATE LIFE**
an initiative for organ donation

૧ કલાક અને ૩૯ મીનીટમાં હૃદય સુરત મહાવીર ટ્રોમાં હોસ્પિટલથી મુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલમાં ઓપરેશન થીયેટરમાં દાખલ થઇ ઇન્ડિયન ઓઈલ કોરપોરેશન ના કર્મચારી મુંબઈના રાજન દેસાઈ ઉ. વ. ૫૨ મા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

ભારતમાં ૧૯૪૭માં પહેલું હૃદય નું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું પશ્ચિમ ભારતમાં ઇન્ટરસ્ટેટ હૃદય ટ્રાન્સફરનો આ પહેલો કિસ્સો છે. જેનું શ્રેય સુરત ને ફાળે જાય છે.


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**